
## ડાયરેક્ટ ❤ સે

લાગણી આપણી
સંબંધો આપણા
નિભાવો ત્યારે
ખબર પડે
કોણ આપણું

## જન્મદિને વધામણી



પ્રવિણાબેન વોરા
સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ, ગાંધીનગર



મહંમદભાઈ રહેમાનભાઈ શેખ
મો. ૯૦૪૪ ૪૧૯૨૨

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન - ૪**
ધાકડ (ગુજરાતી)
૧.૦૦
ટાઈગર ઝિંદા હૈ
૪.૦૦
ભાગમા થિએ (તેલુગુ)
૭.૧૫
ચાલ મન જીતવા જઈએ (ગુજરાતી)
રાત્રે ૯.૪૫

**સ્ક્રીન-૫**
ટાઈગર ઝિંદા હૈ
૧૨.૩૦, ૬.૩૦
લવની ભવાઈ (ગુજરાતી)
૩.૩૦, ૯.૩૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

ગાંધીનગર સાહિત્ય સભા અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે

# ૧૧મીએ ગાંધીનગરમાં સાહિત્યિક પરિસંવાદ

## પરિસંવાદ અંતર્ગત ગૌરાંગશરણ દેવાચાર્યજી, અંબાદાન રોહડિયા, કનુ આચાર્ય 'દિલ' અને ભીખુ કવિ વક્તવ્યો આપશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર સાહિત્ય સભા અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે 'ઉત્તર ગુજરાતનું સંત સાહિત્ય' વિષયે સાહિત્યિક પરિસંવાદનું આયોજન ૧૧ ફેબ્રુઆરીના રોજ ગાંધીનગર શહેરમાં કરવામાં આવ્યું છે.

આ અંગેની વિગતો આપતાં ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ નટવર હેડાઉ અને ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર અજયસિંહ ચૌહાણે જણાવ્યું છે કે રવિવાર, તા. ૧૧ ફેબ્રુઆરીના રોજ સર્વ વિદ્યાલય પરિસરમાં સ્થિત બ્રહ્માણી કૃપા મેમોરિયલ હૉલ, સૅક્ટર-૨૩ ખાતે આ પરિસંવાદ આયોજિત કરવામાં આવ્યો છે.

સવારે ૯.૩૦થી ૧૦.૦૦ દરમિયાન રજિસ્ટ્રેશન, અલ્પાહાર અને ત્યારબાદ ૧૦ કલાકથી ઉદ્ઘાટન વિધિ અને પરિસંવાદ યોજવામાં આવશે. ઉદ્ઘાટક તરીકે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યા, અતિથિ વિશેષ તરીકે ગુજરાત પ્રેસ અકાદમીના સચિવ પુલક ત્રિવેદી, સાહિત્યભાવક કપિલ શાહ ઉપસ્થિત રહેશે. સર્વ વિદ્યાલય કૅમ્પસના ડિરેક્ટર ડૉ. સોમાભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિ આ પ્રસંગને શોભાવશે.

પરિસંવાદ અંતર્ગત 'ઉત્તર ગુજરાતનું સંત સાહિત્ય - પૌરાણિક સાહિત્ય સંદર્ભે' વિષયે શ્રી નિમ્બાર્ક શોધ સંસ્થાન, હિન્દુ રિસર્ચ ફાઉન્ડેશન, હિંમતનગરના નિર્દેશક ગૌરાંગશરણ દેવાચાર્યજી, 'ઉત્તર ગુજરાતનું સંત સાહિત્ય - ચારણી સાહિત્ય સંદર્ભે' વિષયે ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર, રાજકોટના નિયામક અંબાદાન રોહડિયા, 'ઉત્તર ગુજરાતનું સંત સાહિત્ય, લોકસંત સાહિત્ય' વિષયે લોકસાહિત્યકાર, નવલકથાકાર કનુ આચાર્ય 'દિલ' અને 'મીર કોમની ઓળખ અને અભ્યાસ' વિષયે મીર કોમના જાણીતા વિદ્વાન ભીખુ કવિ દ્વારા વક્તવ્ય આપવામાં આવશે. સૌ સાહિત્યરસિકો, ભાવકોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા માટે આયોજક સંસ્થાઓ તરફથી નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ગાંધીનગરનો યુવાન શ્રેષ્ઠ કૅમ્પસ ઍમ્બેસેડર તરીકે સન્માનિત થયો



ગાંધીનગર, તા. ૬

૨૦૧૭ની ગુજરાત વિધાનસભા ચૂંટણી દરમિયાન પોતાની કૉલેજ ઉપરાંત ગાંધીનગર અને અમદાવાદ વિસ્તારમાં મતદાન જાગૃતિ અંગેની શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ સી સી શેઠ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદના વિદ્યાર્થી અને ગાંધીનગરના સેક્ટર-૨૪ના રહેવાસી ધ્રુવ પટેલનું રાજ્ય સ્તરના શ્રેષ્ઠ કૅમ્પસ ઍમ્બેસેડર તરીકે રાજ્યપાલ ઓ પી કોહલીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

રાષ્ટ્રીય મતદાતા દિવસ નિમિત્તે આયોજિત આ અંગેના સમારોહમાં રાજ્યપાલ ઉપરાંત રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી બી બી સ્વૈન, આરોગ્ય કમિશનર જયંતિ રવિ અને ગાંધીનગર જિલ્લાના કલેક્ટર સતિષ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.



એસ.જી.અંગ્રેજી માધ્યમની પ્રાથમિક શાળામાં કૃષ્ના કોંટેકસ્ટ દ્વારા ધોરણ-૧થી૮ના વિધ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધા અને ક્વિઝ કોમ્પિટેશનનું આયોજન થયું હતું. આ સ્પર્ધામાં ધોરણ-૧થી૪ વિધ્યાર્થો માટે ચિત્ર સ્પર્ધા અને ધોરણ-૫થી૮ના વિધ્યાર્થો માટે ક્વિઝ કોમ્પિટેશનનું આયોજન થયું હતું આ સ્પર્ધામાં ધોરણ-૧થી૪ના ૯૯ વિધ્યાર્થીઓ અને ધોરણ-૫થી૮ના ૮૫ વિધ્યાર્થીઓએ ભાગ લીધો હતો.દરેક ભાગ લેનાર વિધ્યાર્થીને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં બાળકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

# 'તોય માણસ સમૃદ્ધ થઈ શકે, પરિવારની હૂંફ જો મળ્યા કરે'





## પ્રજ્ઞાબેન પટેલનાં બે પુસ્તકોનો વિમોચન સમારોહ - સાહિત્યકારોનો મેળો બની રહ્યો

ગાંધીનગર, તા. ૬

જાણીતા લેખક, વિવેચક પ્રફુલ્લ રાવલ દ્વારા આ શબ્દો રવિવારે ગાંધીનગર શહેરમાં ઉચ્ચારવામાં આવ્યા હતા. પ્રસંગ હતો પ્રજ્ઞાબેન પટેલનાં બે પુસ્તકોનાં વિમોચનનો. આ સમારોહને નામ અપાયું હતું 'પુસ્તક પોંખણા' પર્વ, જે અંતર્ગત લેખિકાના પ્રથમ અછાંદસ કાવ્યસંગ્રહ 'આકાશ ખોલી આપું' અને પ્રથમ વાર્તાસંગ્રહ 'પોતપોતાનાં આકાશ'નું વિમોચન કરવામાં આવ્યું.

કાવ્યસંગ્રહના વિમોચન બાદ તેનો પરિચય પ્રસિદ્ધ સાહિત્યકાર, વિવેચક પ્રફુલ્લ રાવલ દ્વારા આપવામાં આવ્યો હતો. એમણે જણાવ્યું હતું, 'મને તો આ આખાય કાવ્યસંગ્રહમાં કોઈ વાત ગમી હોય તો એ પ્રજ્ઞાબેનનાં સંવેદનો ગમ્યાં છે. એટલાં સરસ સંવેદનો છે એમની પાસે કે ગમી ગયાં. કાવ્યોમાં અનેક સંવેદનો સાથે એમણે કામ કર્યું છે. કાવ્યસંગ્રહમાં બધાં કાવ્યો ગદ્યકાવ્યો છે. ગદ્યકાવ્યોની વિશેષતા છે તેમનો લય, જે આ કાવ્યસંગ્રહમાં પ્રજ્ઞાબેને ઘણી જગ્યાએ જાળવ્યો છે અને એ પ્રયત્ન પણ કર્યો છે કે પોતાની વાત વાચકો સુધી પહોંચે.'

વાર્તાસંગ્રહના વિમોચન બાદ તેનો પરિચય આપતાં ખ્યાત વાર્તાકાર કિરીટ દૂધાતે જણાવ્યું હતું, 'લેખિકા પ્રજ્ઞાબેનની પ્રવૃત્તિઓ અનેક ધારાઓમાં વહી છે અને આવું થાય ત્યારે સાહિત્ય ધીમે ધીમે નેપથ્યમાં જતું જાય છે. એવું જ પ્રજ્ઞાબેન સાથે થયું પણ આખરે લાંબા સમયે પણ તેઓ વાર્તાસંગ્રહ લઈને આવ્યાં છે. એમાં એમણે વિષયોનું વૈવિધ્ય પણ સારું જાળવ્યું છે. એક વાર્તા વાંચીને એવું સૂઝ્યું કે માણસમાંથી આપણી આશા ઊઠી જાય ત્યારે વસ્તુઓમાં અને પ્રાણીઓમાં સ્થિર થતી હોય છે.' જાણીતા કવિ, સંપાદક, ચરિત્રકાર હર્ષદ ત્રિવેદીએ પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે 'કવિ ઊમાશંકર જોશીએ કહ્યું છે કે જે સગા હોય છે એ વહાલા ના હોય અને વહાલા હોય એ સગા ના હોય. પણ પ્રજ્ઞાબેન એવાં નસીબવંતા છે કે એમના સગા છે એ વહાલા છે અને વહાલા છે એ પણ સગાની જેમ વર્તી રહ્યા છે. માણસ શું કામ લખે છે ? વાત એટલી જ હોય છે કે માણસને વ્યક્ત થવું હોય છે - કોઈપણ રીતે. એ ચાહે હસીને હોય, લખીને હોય, બોલીને હોય કે ગુસ્સો થઈને હોય. અભિવ્યક્તિનાં અનેક સ્તરો હોય છે. સામાન્ય માણસથી ઉપર ઊઠો ત્યારે જ તમે લેખક થઈ શકો. અહીં લેખિકાએ પોતાની જે સંવેદનાઓ વહાવી છે એ જોઈને એમ થાય કે તેઓ ભલે વધુ વાર્તાઓ લખે કે ન લખે, પણ એમના હૃદયમાં સંવેદનાનું જે ઝરણું છે એને કાયમ રાખે.'

મૂર્ધન્ય કવિ હરિકૃષ્ણ પાઠકે પોતાનું અધ્યક્ષીય પ્રવચન હળવી શૈલીમાં આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે 'અમે અહીંના આદિવાસી છીએ. આ નગર અમે વસાવ્યું છે.' પોતે જે નગરમાં રહેવાની શરૂઆત કરી હતી એ નગરમાં સાહિત્યની આવી સરસ પ્રવૃત્તિઓ થાય છે અને આજે લેખિકાનાં બે પુસ્તકોનું વિમોચન એક સાથે થયું એ બાબતે તેમણે હર્ષ વ્યક્ત કર્યો હતો અને પ્રજ્ઞાબેને લખેલી કવિતાઓ પ્રત્યે સંતોષની લાગણી પણ પ્રગટ કરી હતી. આ પ્રસંગે લેખિકાના પરિવારજનો, મિત્રો ઉપરાંત ગાંધીનગર અને અમદાવાદના નામી સાહિત્યકારો, સાહિત્યભાવકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું રસવાહી સંચાલન કવિ હરદ્વાર ગોસ્વામી દ્વારા કરવામાં આવ્યું હતું.

નહેરુ યુવા કેન્દ્રના ઉપક્રમે સેલવાસ ખાતે

# ઈન્ટરસ્ટેટ યુથ ઍક્સચેન્જ પ્રોગ્રામ યોજાયો



ગાંધીનગર, તા. ૬

સરદાર પટેલની ૧૪૦મી જન્મજયંતિ નિમિત્તે પ્રધાનમંત્રીએ 'એક ભારત શ્રેષ્ઠ ભારત' કાર્યક્રમની જાહેરાત કરી હતી. આ કાર્યક્રમના ભાગરૂપે તાજેતરમાં ઈન્ટરસ્ટેટ યુથ એકસચેન્જ પ્રોગ્રામનું આયોજન સેલવાસ ખાતે ખાતે આવ્યું હતું.

ચંદીગઢ, પંજાબના યુવા મિત્રો ઉપરાંત કેન્દ્રશાસિત પ્રદેશોના યુવાઓ આ નિમિત્તે એકત્ર થયા હતા અને આમ કુલ ૧૨૫ જેટલા યુવાઓનો કૅમ્પ ફાર્મર ટ્રેનિંગ સૅન્ટર, સેલવાસ ખાતે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિવિધતામાં એકતા, વિવિધ યોજનાઓનો અભ્યાસ, કલા-સંસ્કૃતિની ઓળખ, બે પ્રદેશો વચ્ચે સમન્વય સધાય તે હતો.

કાર્યક્રમનું ઉદ્ઘાટન દાદરા-નગર હવેલીના સાંસદ નટુભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું આયોજન નહેરુ યુવા કેન્દ્ર, સેલવાસ તરફથી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન વક્તાઓ દ્વારા માર્ગદર્શન, વિવિધ રાજ્યોના સાંસ્કૃતિક કાર્યક્રમ, પંજાબ, ચંદીગઢ, મહારાષ્ટ્ર, ગુજરાત, કેરાલા, આસામના સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આ ઉપરાંત ટ્રાઈબલ મ્યુઝિયમ, પ્રકૃતિ મ્યુઝિયમ, પતંગિયાં પાર્ક, દૂધની સરોવર, ઈન્ડસ્ટ્રીયલ વિઝિટ, ખાનવેલ ગાર્ડન, લાયન્સ સફારી, હિરણ પાર્ક, મધુબન ડૅમ, દાદરા ગાર્ડન, હીરવા વન જેવાં સ્થળોની અભ્યાસ મુલાકાત પણ યોજવામાં આવી હતી. ગાંધીનગરના ૨૦ જેટલા કલાકારોએ પણ ટાઉનહૉલ, સેલવાસ ખાતે ગુજરાતી તથા રાજસ્થાની ડાન્સ પ્રસ્તુત કર્યો હતો. જી ઈ ક્લબના કશ્યપ નિમાવત દ્વારા આ સાંસ્કૃતિક કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સ્વતંત્રતા સેનાની નિર્મલાબેન પંડ્યા, કલેક્ટર ગોપીનાથ કંદન, આઈઈએસ અધિકારી ડી જી ઝાલાવાડિયા, પ્રોગ્રામ મેનેજર પ્રશાંત બરડે, ડિસ્ટ્રીક્ટ શૅશન્સ જજ ખોબરાગડે, મેજિસ્ટ્રેટ પ્રશાંત સરોદય, જિલ્લા પંચાયતના પૂર્વ સીઈઓ પી એસ બરડે, નહેરુ યુવા કેન્દ્ર સંગઠનના યુવા સંયોજક રજનીકાન્ત સુથાર, પત્રકાર ધર્મેશભાઈ પંડ્યા ઉપસ્થિત રહ્યા હતા.

રજનીકાન્ત સુથારના માર્ગદર્શન, સંચાલન હેઠળ આ કાર્યક્રમ સફળતાને વર્યો હતો. ભાગ લેનારા સૌ યુવામિત્રોને પ્રમાણપત્ર અને સ્મૃતિચિત્રો ભેટ આપવામાં આવ્યાં હતાં.

# જીઆઈપીએસનાં ભૂલકાં શોપિંગ મોલની મુલાકાતે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ દ્વારા પ્રિ-પ્રાઈમરી વિભાગનાં બાળકોને ડી-માર્ટ શોપિંગ મોલની મુલાકાતે લઈ જવામાં આવ્યાં હતાં.

અહીં તેમને બધા જ વિભાગોની માહિતી આપીને સમય તથા નાણાંની બચત અંગે સમજૂતી આપવામાં આવી હતી. ખરીદી કેમ કરવી અને ચૂકવણી કેવી રીતે કરવી તે અંગેની સમજ પણ તેમને પ્રાયોગિક રીતે આપવામાં આવી હતી. બાળકોએ આ ઉપયોગી મુલાકાતથી હર્ષ વ્યક્ત કર્યો હતો.

# પી કે ચૌધરી મહિલા કૉલેજ દ્વારા વડોદરાનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા. ૬

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના અંગ્રેજી વિભાગ દ્વારા વડોદરાના શૈક્ષણિક પ્રવાસનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું.

૫૨ જેટલી વિદ્યાર્થિનીઓ આ પ્રવાસમાં જોડાઈ હતી. પ્રવાસ દરમિયાન તેમણે સયાજીરાવ મ્યુઝીયમ, કમાટી બાગ, ઍમ ઍસ યુનિવર્સિટી અને ખ્યાત હંસા મહેતા લાઈબ્રેરીની મુલાકાત લીધી હતી. એશિયાની સાતમા ક્રમાંકની એવી આ લાઈબ્રેરીમાં એક લાખ પુસ્તકોનો સંગ્રહ કરાયો છે અને તે સંપૂર્ણ કમ્પ્યુટર સંચાલિત છે. આ સ્થળો ઉપરાંત વિદ્યાર્થિનીઓએ આજવા-નિમેટા ફન વર્લ્ડની પણ મુલાકાત લીધી હતી. વિદ્યાર્થિનીઓ માટે આ સમગ્ર પ્રવાસ માહિતીસભર અને આનંદદાયક રહ્યો હતો.

પ્રવાસનું આયોજન પ્રૉ. ડૉ. નરેન્દ્રભાઈ પટેલે કર્યું હતું. પ્રા. ગીતાબેન ચૌધરીએ વિદ્યાર્થિનીઓ સાથે રહી તેમને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

# આપણે સ્નેહનું એક કિરણ આપીએ, તેઓ આખો સૂરજ આપી દેશે

**આવો જીવીએ શાનદાર**
**વિનોદ અમલાણી**
vamlani2000@yahoo.co.uk

(ગતાંકથી ચાલુ)

આપણી સાથે આ પ્રકારના રોજિંદા વ્યવહારો કરતાં લોકોને પણ આપણી સાથે વ્યક્તિગત, અંગત, સામાજિક સંબંધો બાંધવાની, વિકસાવવાની અને નિભાવવાની ઈચ્છા હોય છે, તમન્ના હોય છે. આપણી સાથેના એ લોકોના માત્ર વ્યાવહારિક સંબંધોને કારણે તેઓ પોતાની ઈચ્છા વ્યક્ત નથી કરતાં અથવા તો વ્યક્ત કરી શકતા નથી. એ લોકો મોટેભાગે આપણી સાથેના સંબંધોમાં લઘુતાગ્રંથીની પીડા અનુભવતા હોય છે. એ લોકો પોતાની પરિસ્થિતિને આપણી પરિસ્થિતી સાથે સરખાવીને પોતાને નાના, નબળા, કે અશિક્ષિત સમજતા હોય છે તેને કારણે તેઓના મનમાં એક છૂપો ભય હોય છે કે પોતે કદાચ સંબંધો વિકસાવવાની પહેલ કરશે પણ પોતાને યોગ્ય પ્રતીભાવ નહીં મળે તો? તેઓને પોતાનું સ્વમાન ઘવાવાનો કે પોતાનું અપમાન થવાનો પણ ભય હોય છે જેને કારણે તેઓ પોતાની લાગણી વ્યક્ત કરી શકતા નથી.

આ પ્રકારના લોકોનો વ્યવસાય કદાચ નોનો હોય શકે, તેઓનું શિક્ષણ ઓછું હોય શકે, તેઓની આર્થિક પરિસ્થિતી નબળી હોય શકે, તેઓનું મકાન નાનું હોય શકે, રેઓના આર્થિક વ્યવહારો નાના હોય શકે, પણ એક વ્યક્તિ તરિકે, એક મિત્ર તરીકે, એક સ્નેહી તરીકે, એક સંબંધી તરિલે કે એક માણસ તરિકે કદાચ આપણી સમકક્ષ અથવા તો વધારે સારા પણ હોય શકે છે.

એ લોકો સાથે આપણે જો સામાજિક સંબંધો વિકસાવીએ તો શક્ય છે કે તેઓ આપણાં સારા મિત્ર બની શકે. એક સારા સ્નેહી બની શકે અને બે કુટુંબો વચ્ચેના સંબંધો પણ ગાઢ બની શકે. એવું બનવું પણ શક્ય છે કે આપણાં અન્ય સામાજિક સંબંધો કરતાં આ લોકો સાથેના આપણાં સંબંધો વધારે સારા બની શકે.



આ પ્રકારના લોકોનો વ્યવસાય કદાચ નાનો હોય છે. એ લોકોના આર્થિક વ્યવહારો પણ નાના હોય છે પણ એ લોકો દયા, માયા, પ્રેમ, સહાનુભૂતિ અને સન્માન જેવી લાગણીઓ વ્યક્ત કરવામાં ક્યારેય વામણા સાબિત નથી થતાં. એ લોકો પણ આ પ્રકારની લાગણીઓના ભૂખ્યા હોય છે. આપણે એ લોકો પ્રત્યે થોડીક લાગણી બતાવીએ, તો એ લોકો લાગણીનો દરિયો વહાવી દેતાં હોય છે. આપણે એ લોકોની થોડીક કાળજી રાખીએ તો એ લોકો આપણાં ઉપર ન્યોછાવર થઈ જતાં હોય છે. આપણે એ લોકોને પ્રેમ અને સ્નેહનું એક કિરણ આપીએ તો તેઓ કદાચ આખો સુરજ આપી દેવા તૈયાર હોય છે.

એ લોકો પણ સંબંધોના ભૂખ્યા હોય છે તેથી એક વખત તેઓ સાથે સંબંધ બંધાશે પછી તેઓ એ સંબંધ નિભાવવા માએ બધુ જ કરી છૂટશે. એ લોકો આપની સાથેના સંબંધોમાં ક્યારેય પોતાનો સ્વાર્થ નહીં જુવે. આપની સાથેના સામાજિક વ્યવહારોમાં ફાયદા-ગેરફાયદા નહીં જુએ, નફા-તોટા નો હિસાબ નહીં કરે. એવું પણ બને કે ક્યારેક એ લોકો મોટો ત્યાગ આપીને પણ આપની સાથેના સંબંધોને નિભાવે. એ લોકો તો એવી એક તકની પણ રાહ જોતાં હોય છે કે ક્યારે આપણી સાથેના પોતાના સંબંધો ખોટા સિક્કા જેવા નહીં પણ સો ટચ ના સોના જેવા છે એવું સાબિત કરી શકે.

દૂધવાળાના કોઈપણ પ્રસંગે પેલા કુટુંબના કોઈપણ સભ્ય ઉપસ્થિત રહેતા ત્યારે એ દૂધવાળો પોતાને ત્યાં પધારેલા પોતાના સંબંધીઓને એ કુટુંબના સભ્યોની ઓળખાણ એવી રીતે કરાવતો કે " અમારા સાહેબ છે, અમારા મેડમ છે, અમારા શેઠ છે, અમારે આ કુટુંબ સાથે ઘર જેવા સંબંધ છે" આમ એ દૂધવાળો પોતાને ત્યાં એ કુટુંબની ઉપસ્થિતિ થકી ગૌરવને લાગણી અનુભવતો.

આ પ્રકારના લોકોના પોતાના વર્તુળમાં જે સામાજિક અને કૌટિમ્બિક સંબંધો હોય છે તેને યથાયોગ્ય મહત્વ આપતા જ હોય છે પણ આપણી સાથેના સંબંધો થકી તેઓને પોતાના વર્તુળમાં ગૌરવ પ્રાપ્ત થશે અને પોતે પણ ગૌરવની લાગણી અનુભવશે. તેઓ પોતાના અંગત સંબંધીઓને આપની સાથેના પોતાના સમ્બન્ધોની ગૌરવપૂર્ણ વાત કરશે અને પોતાના સમાજમાં મુઠ્ઠી ઊંચા ચાલશે. આપણાં એ લોકો સાથેના સંબંધો થકી આપણને પણ યથાયોગ્ય સન્માન અને ગૌરવપ્રાપ્ત થશે.

આપણે આ પ્રકારના લોકોને યથાયોગ્ય મદદ કરીએ, તેઓ સાથે હસીને, સ્મિત સાથે આવકારી, તેઓની સાથે હુંફથી વાતચીત કરીએ, એ લોકોના ખબર-અંતર પૂછતા રહીએ, તેઓના કુટુંબીજનો વિષે જાણકારી મેળવી પૂછતાછ કરતાં હઈએ, તેઓને યોગ્ય માન-સન્માન આપીએ, તેઓના સુખ-દુખનાં પ્રસંગોમાં ભાગીદાર થઈએ, આપના શુભ પ્રસંગોમાં તેઓને પણ સહભાગી બનાવીએ તો સંબંધો આપોઆપ બંધાશે અને વિકાસ પામશે.

આ બધુ કરવા માટે પેલા કુટુંબની જેમ પહેલ તો આપણે જ કરવી પડે. પહેલું કદમ તો આપણે જ ઉપાડવું પડે. પહેલા એક ડગલું તો આપણે જ આગળ વધવું પડે. આમ કરશું તો તેઓ આપણાં તરફ દોડશે. ચાલો, આપણે સૌ પહેલું કદમ ઉપાડીએ.